## (1) પાંગોંગ ત્સો સરોવર વિશે નીચેનામાંથી સાચા વિધાન પસંદ કરો ?

(1) આ સરોવર હિમાચલ પ્રદેશ અને તિબેટની સરહદે આવેલું છે.

(2) તે વિશ્વનું સૌથી ઊંચું ખારા પાણીનું સરોવર છે.

(3) ખારા પાણીના કારણે આ સરોવર શિયાળામાં પણ જામતું નથી.

(4) આ સરોવરનો આશરે 1/3 ભાગ ભારત પાસે અને 2/3 ભાગ ચીન પાસે છે.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) માત્ર (1), (2) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ પોંગોંગ ત્સો સરોવરએ લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ સરોવર આશરે 4350 મીટરની ઊંચાઈએ આવેલું છે તથા તે વિશ્વનું સૌથી ઊંચું ખારા પાણીનું સરોવર છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ સરોવર આશરે 604 કિલોમીટર વર્ગના વિસ્તારમાં ફેલાયેલું છે. જે પૈકી ભારત તરફની બાજુએ 1/3 ભાગ અને 2/3 ભાગ ચીન તરફ રહેલો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ સરોવરમાં ખારું પાણી હોવા છતાં આ સરોવર શિયાળામાં સંપૂર્ણપણે જામી જાય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ સરોવર સિંધુ નદીતંત્રનો ભાગ નથી અને ભૌગોલિક રીતે છૂટું છે.

⇛ આ તળાવ ભારત અને ચીનની વચ્ચે આવેલી 'લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ' પર આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ, 2018ની બુલેટીનમાં જાહેર કરવામાં આવેલી માહિતીના આધારે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) ભારતમાં જન્મદર 20.0 થયો છે.

(2) ભારતમાં મૃત્યુદર 6.2 થયો છે.

(3) સૌથી વધુ મૃત્યુદર બિહારમાં જોવા મળે છે.

(4) નાગાલેન્ડમાં સૌથી ઓછો બાળ મૃત્યુદર (IMR) જોવા મળ્યો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ, 2018ની બુલેટીન જાહેર કરવામાં આવી છે.

⇛ આ બુલેટીનમાં જન્મદર, મૃત્યુદર અને બાળમૃત્યુદરની વિવિધ માહિતી આપવામાં આવેલી છે, જે નીચે મુજબની છે. (નોંધ : દરેક દર પ્રતિ એક હજારની વસતીએ ગણવામાં આવેલ છે.)

- ભારતમાં 2018માં જન્મદર ઘટીને 20.0 થયો છે. 1971માં આ દર 36.9 હતો. (આથી, વિધાન (1) સાચું છે.)
- સૌથી વુધ જન્મદર બિહારમાં (26.2) અને સૌથી ઓછો જન્મદર અંદમાન અને નિકોબારમાં (11.2) જોવા મળ્યો છે.
- ભારતનો મૃત્યુદર 1971માં 14.9 હતો જે 2018માં ઘટીને 6.2 થયો છે. (આથી, વિધાન (2) સાચું છે.)
- સૌથી વધુ મૃત્યુદર છત્તીસગઢમાં (8) અને સૌથી ઓછો મૃત્યુદર દિલ્હીમાં (3.3) જોવા મળ્યો છે. (આથી, વિધાન (3) ખોટું છે.)
- બાળ મૃત્યુદર 1971માં 129 હતો જે ઘટીને 32 થયો છે.
- સૌથી વધુ બાળ મૃત્યુદર મધ્યપ્રદેશમાં (48) અને સૌથી ઓછો બાળ મૃત્યુદર નાગાલેન્ડમાં (4) જોવા મળ્યો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

(3) ગોપાલ કૃષ્ણ ગોખલે વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેઓ 1905માં બનારસ કોંગ્રેસ સેસનના અધ્યક્ષ હતાં.
(2) તેમણે સર્વન્ટ્સ ઓફ ઈન્ડિયા સોસાયટીની સ્થાપના કરી હતી.
(3) ગાંધીજીએ તેમને ઉદ્દેશીને 'ધર્માત્મા ગોખલે' નામનું પુસ્તક લખ્યું હતું.
(4) વર્ષ 1899માં તે બોમ્બે વિધાનસભા (Legislative Council)માં ચૂંટાયા હતાં.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ ગોપાલ કૃષ્ણ ગોખલેનો જન્મ 9 મે, 1866માં મહારાષ્ટ્રમાં થયો હતો. 9 મે 2020એ તેમની 154મી જન્મજયંતી ઊજવવામાં આવી હતી.

⇛ 1899થી 1902 દરમિયાન તેઓ બોમ્બે વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતાં. અને 1902થી તેમના મૃત્યુ સુધી તેઓએ ઈમ્પેરિયલ લેજીસ્લેટીવ કાઉન્સિલમાં કાર્ય કર્યું હતું. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેમણે મોર્લે–મિન્ટોના સુધારામાં પણ પોતાનો ફાળો આપયો હતો.

⇛ તેઓ 1905માં થયેલાં બનારસ કોંગ્રેસ સેસન (અધિવેશન)ના અધ્યક્ષ રહ્યાં હતાં. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેમણે 1905માં ભારતીય શિક્ષણના ફેલાવા માટે 'સર્વન્ટ્સ ઓફ ઈન્ડિયા સોસાયટી'ની સ્થાપના કરી હતી. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ગાંધીજીએ તેમને પોતાના રાજકીય ગુરુ માન્યા હતાં અને તેમણે 'ધર્માત્મા ગોખલે' નામનું પુસ્તક ગુજરાતીમાં ગોપાલ કૃષ્ણ ગોખલેને ઉદ્દેશીને લખેલું હતું. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) ટોડા પ્રજાતિ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ પ્રજાતિ દક્ષિણ ભારતમાં નિલગિરી પહાડીના આસપાસના વિસ્તારોમાં રહે છે.

(2) તેઓ મુખ્યત્વે શિકારી પ્રજા છે.

(3) ટોડા લોકોની ભરતકામ કલાને 'પોહોર' કહે છે.

(4) ભરતગૂંથણ કરેલી આ લોકોની એક વિશિષ્ટ શાલ છે જેને 'પુતુકુલી' કહે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ **COVID-19**ની સમક્ષ લડવા માટે ટોડા કારીગરો આગળ આવ્યા છે અને પોતાની કલાનો ઉપયોગ કરીને માસ્ક બનાવ્યા છે, ઉપરાંત અન્ય ઘણી મદદ પણ કરી રહ્યાં છે.

⇛ ટોડા પ્રજાતિના લોકો દક્ષિણ ભારતમાં નિલગિરી પહાડીની આસપાસ રહે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેઓ મુખ્યત્વે પશુપાલનનું કાર્ય કરે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ તેઓ કાચાં ઘરમાં રહે છે અને 3 થી 7 ઘરનો અલગ સમૂહ હોય છે.

⇛ ટોડા ભાષામાં ટોડા લોકોની ભરતકામ કલાને અથવા ભરતગૂંથણને 'પોહોર' કહે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તેઓના પારંપરિક ટોડા વસ્ત્રમાં એક વિશિષ્ટ શાલ હોય છે, જેને પુટ્કુલી અથવા પુતુકુલી કહે છે. આ શાલમાં લાલ અને કાળા રંગના દોરાથી ભરતકામ કરવામાં આવેલું હોય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ દિવસનું નામકરણ લાલબહાદુર શાસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

(2) આ દિવસ 11 મે એ ઊજવવામાં આવે છે.

(3) આ દિવસ ભારતના ટેક્નોલોજી વિકાસ બોર્ડ દ્વારા ઊજવવામાં આવે છે.

(4) આ વર્ષે વિજ્ઞાન અને ટેક્નોલોજી દ્વારા અર્થતંત્રતને પુનઃશરૂ કરવાની બાબતે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ 11 મે, 2020એ ભારત પોતાનો 29મો રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ ઊજવી રહ્યું છે.

⇛ પ્રથમ વખત 1999માં આ દિવસ ઊજવવાની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારથી દર વર્ષે 11 મે એ આ દિવસ ઊજવવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ દિવસનું નામકરણ પૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયી દ્વારા કરવામાં આવ્યું હતું. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ દિવસની ઊજવણી ભારતના ટેક્નોલોજી વિકાસ બોર્ડ (ટેક્નોલોજી ડેવલપમેન્ટ બોર્ડ ઓફ ઈન્ડિયા) દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ બોર્ડ વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય હેઠળ આવેલું છે.

⇛ આ વર્ષે વિજ્ઞાન અને ટેક્નોલોજી દ્વારા અર્થતંત્રને પુનઃશરૂ (Rebooting the economy through Science and Technology) કરવાની બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ભારતે 11 મે 1998એ સફળ રીતે પોખરણમાં પરમાણું બોમ્બનું પરીક્ષણ કરેલું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT